નિરાધાર વૃધ્ધ પેન્શન યોજનામાં ૭૫ કે તેથી વધુ ઉંમરના લાભાર્થીઓને માસિક વૃધ્ધ પેન્શન રૂ.૧૦૦૦/- કરવા રૂ.૧૫૦.૦૦/- લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: વનપ/૧૦૨૦૧૯/૬૧૨૪૦૩/નબા/છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૧૩/૦૭/૨૦૨૦

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના તા.૨૯/૧૧/૨૦૧૯ના પત્ર ક્રમાંક: યજન/નવી બાબત/૧૯-૨૦/૫૪૪

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના તા.૨૩/૦૪/૨૦૨૦ના પત્ર ક્રમાંક: યજન/નવી બાબત-વહી.મંજુરી/૨૦-૨૧/૮૨

(3) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૮/03/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: વનપ/૧૦૨૦૧૯/૧૦૫૨૮૧/છ

પ્રસ્તાવના:-

રાજ્ય સરકાર દ્વારા નિરાધાર વૃધ્ધ સહાય યોજના તા.૦૧/૦૪/૧૯૭૮થી અમલમાં છે. જેમાં વખતો વખત સહાયમાં વધારો કરવામાં આવેલ છે. વંચાણે લીધેલા ક્રમાંક:(૧)ના તા.૦૮/03/૨૦૧૯ના ઠરાવથી ૬૦ વર્ષ કે તેથી વધુ વયના નિરાધાર વૃધ્ધોને પેન્શન સહાય રૂ.૭૫૦/- આપવામાં આવે છે.

હાલની મોંઘવારી તથા વ્યક્તિગત વૈદકીય માસિક સારવારના ખર્ચને ધ્યાનમાં લઇ અત્યારે જે રૂ.૭૫૦/- સહાય આપવામાં આવે છે, તેમાં વધારો કરવો જરૂરી હોઇ, નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:- (૧) પરના તા.૨૯/૧૧/૨૦૧૯ના પત્રથી નિરાધાર વૃધ્ધ પેન્શન યોજનામાં ૭૫ કે તેથી વધુ ઉંમરના લાભાર્થીઓને માસિક વૃધ્ધ પેન્શન રૂ.૧૦૦૦/- કરવા માટે વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કુલ રૂ.૧૫૦/- લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા બાબતે કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:- (૨) પરની તા.૨૩/૦૪/૨૦૨૦ની દરખાસ્તના અનુંસધાને વિભાગની

બજેટ બુકમાં સદરહુ બાબતે રૂ.૧,૫૦,૦૦,૦૦૦/- ની જોગવાઇ થયેલ છે. સદરહુ થયેલ જોગવાઇને ધ્યાને લઇ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરની વંચાણે લીધેલા ક્રમાંક:- (૧) પરના તા.૨૯/૧૧/૨૦૧૯ના પત્રથી નિરાધાર વૃધ્ધ પેન્શન યોજનામાં ૭૫ કે તેથી વધુ ઉંમરના લાભાર્થીઓને માસિક વૃધ્ધ પેન્શન રૂ.૧૦૦૦/- કરવા માટે વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં કુલ રૂ.૧૫૦/- લાખનો ખર્ચ કરવાની નીચે જણાવેલ શરતોને અધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) નાણાં વિભાગના તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ-૧ થી અપાયેલ કરકસરની સૂચનાઓ અનુસાર ખર્ચ થાય તે વિભાગે સુનિશ્ચિત કરવાનું રહેશે.

અંગેનો ખર્ચ નીચેના બજેટ સદર હેઠળ પાડવાનો રહેશે.

(૧)માંગણી નં.૯૨

૨૨૩૫-સામાજિક સુરક્ષા અને કલ્યાણ

૦૨-સમાજ કલ્યાણ

૨૦૦-અન્ય કાર્યક્રમ

૦૧-એસ.એસ.ડબલ્યુ..૧૧ અંત્યોદય અશક્ત અને નિરાધાર વૃધ્ધ વ્યક્તિઓને રોકડ સહાય

હેડ ચાર્જેબલ-૨૨૩૫ ૦૨ ૨૦૦ ૦૧

(૨)માંગણી નં.૯૫

૨૨૩૫-સામાજિક સુરક્ષા અને કલ્યાણ

૦૨-સમાજ કલ્યાણ

૨૦૦-અન્ય કાર્યક્રમ(નોન પ્લાન)

૦૩-એસ.એસ.ડબલ્યુ..૧૧ અંત્યોદય અશક્ત અને નિરાધાર વૃધ્ધ વ્યક્તિઓને રોકડ સહાય

હેડ ચાર્જેબલ-૨૨૩૫ ૦૨ ૨૦૦ ૦૩(નોન પ્લાન)

(૩)માંગણી નં.૯૬

૨૨૩૫-સામાજિક સુરક્ષા અને કલ્યાણ

૦૨-સમાજ કલ્યાણ

૭૯૬-આદિજાતિ પેટા વિસ્તાર યોજના

૦૧-અંત્યોદય અશક્ત અને નિરાધાર વૃધ્ધ વ્યક્તિઓને રોકડ સહાય

હેડ ચાર્જેબલ-૨૨૩૫ ૦૨ ૭૯૬ ૦૧

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૫/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. બી. વણઝારા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસકિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/ સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્યસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ(મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે મામલતદારશ્રીઓ(મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- એકાઉન્ટનન્ટ જનરલશ્રી ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં છ- શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઇલ